

# ગણિત

## ધોરણ-૫

દ્વિતીય સત્ર

# વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

**નવેમ્બર માસનું પાઠ આયોજન**
**પાઠનું નામ: (૮) નકશા આલેખ**

**અધ્યયન નિષ્પતિ :-**

**શૈક્ષણિક મુદ્દા :**

M512 નકશાઓમાં ચિહ્નો, સંજ્ઞાઓ, દિશાના આધારે કોઇ વસ્તુ કે સ્થળનું સ્થાન દર્શાવે છે. અને તેનું અર્થઘટન કરે છે.

M512.1 નકશા પરથી પ્રશ્નોના જવાબ આપે છે.

M512.2 પ્રમાણમાપની મદદથી ચિત્રો અને નકશાઓને નાના કે મોટા સ્વરૂપે દોરે છે.

M512.3 ઘર, વર્ગખંડ અને શાળાના સાદા નકશાઓમાં ચિહ્નો, સંજ્ઞાઓ, દિશાના આધારે કોઇ વસ્ત કે સ્થળનું સ્થાન દર્શાવે છે.

**વિષયવસ્તુના મુદ્દા**

8.1 સાદા નકશાઓન ચિહ્નો, સંજ્ઞાઓ અને દિશાના આધારે વસ્તુનું કે સ્થળનું સ્થાન

8.2 નકશા અને પ્રમાણમાપના આધારે માહિતીનું અર્થઘટન

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિવિધ નકશાઓ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ઇન્ડિયાગેટ અને રાષ્ટ્રપતિ ભવનની માહિતી આપીશ. રાષ્ટ્રપતિ ભવન અને ઇન્ડિયા ગેટને જોડતા રાજપથની નકશા દ્વારા સમજ આપીશ. તેના ફોટા સાથે સાંકળી ચર્ચા કરીશ. પ્રશ્નોત્તરી કરીશ. નકશાના એક ભાગને 'ઝૂમ ઇન' કરતા મધ્યસ્થ ષટ્કોણ દેખાય છે. તેની માહિતી આપીશ. આપેલ માહિતી નકશામાંથી શોધાવીશ. પરેડ માટેના નકશાનું વાંચન કરાવીશ. નકશામાં પરેડનો રસ્તો બતાવી નિશાન લગાવવા જણાવીશ. લાલ કિલ્લાની મુસાફરી ચિત્ર દ્વારા નકશા દ્વારા કરાવીશ. તેમાંના વિવિધ સ્થળોની માહિતી આપીશ. આપેલ નકશામાં વિગતો શોધાવીશ. ૧. સે.મી.ના માપવાળી ચોરસ જાળી પર દોરેલા ચિત્રોને ૨. સે.મી. તથા ૧/૨ સે.મી. માપવાળી ચોરસ જાળી પર દોરવા જણાવીશ. ક્ષેત્રફળની સમજ આપીશ. નકશામાંથી પરેડવાળા રસ્તામાંથી લીધેલા ભાગ ૨ સે.મી.ની જાળી પર મોટો કરવા જણાવીશ. ક્ષેત્રફળની સમજ આપીશ. નકશામાંથી પરેડવાળા રસ્તામાંથી લીધેલા ભાગ ને

૨ સે.મી.ની જાળી પર મોટો કરવા જણાવીશ. પ્રમાણપત્રની માહિતી આપીશ. વિદ્યાર્થીઓએ જે રાજ્યો વિશે વાત કરી રહ્યા હતા તે રાજ્યોને ભારતના નકશામાંથી શોધાવીશ. નકશાના આધારે આપેલા પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી ઉત્તરો આપાવ જણાવીશ. સમુદ્ર વિશે માહિતી આપીશ. ભારતના નકશામાં સમુદ્રકિનારા વાળા રાજ્યો વિશે માહિતી મેળવવા પ્રશ્નોત્તરી કરીશ. સ્થાનિક નકશા, ભારતના નકશા અને વિશ્વના નકશામાં ઉપયોગમાં લીધેલ ભિન્ન પ્રમાણમાપની સરખામણી કરાવશી. શહેરો વચ્ચેનું અંતર શોધાવીશ. આશીની શાળાના નકશાના આધારે આપેલ પ્રશ્નોના જવાબ મેળવવા જણાવીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો આપશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ : આપેલ માહિતીને નકશામાંથી શોધી કાઢો

પ્રવૃત્તિ : ચિત્રો / નકશાને નાનું / મોટું કરો.

**મૂલ્યાંકન**

- નકશાના આધારે જવાબ લખો.
- પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન

**પાઠનું નામ:** (૯) ખોખા અને રેખાચિત્ર

**અધ્યયન નિષ્પતિ :**

M514 શંકુ, નળાકાર અને સમઘનની આકૃતિઓ દોરે છે. તથા તે માટે રચેલ જાળી (નેટ)ની મદદથી બનાવે છે.

**વિષયવસ્તુના મુદ્દા**

9.1 ત્રિપરિમાણીય આકારોની નેટ (જાળી)

9.2 સમઘનને ઉપરથી, બાજુએથી અને સામેથી જોતા બનતી રેખાકૃતિ ઓળખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ત્રિપરિમાણીય આકારો
- મીઠાઇનું ખોખું બનાવવું.
- આપેલી વિવિધ આકૃતિ (આકારો) ની મદદથી કઇ આકૃતિથી ખોખું બને ? તે જોવું.
- આકારોને વાળી સમઘન બનાવો.
- સમઘનની દરેક બાજુનું ક્ષેત્રફળ
- ખુલ્લું ખોખું
- અલગ – અલગ પ્રકારના ખોખાનું અવલોકન
- ઘરના નકશાના આધારે ઘરનું વાસ્તવિક ચિત્ર શોધવું.

- કોયડો
- સમઘનનું ચિત્ર બનાવવું.
- દીવાસળીની પેટીની મદદથી પુલ બનાવવો.
- પુલના ચિત્રોનું અવલોકન કરવું તથા તેના લંબાઇ પહોળાઇ અને ઉંચાઇનું અનુમાન
- પુલનું વાસ્તવિક ચિત્ર

**શૈક્ષણિક સાધન :-** પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ દ્વારા પેજ નં. ૨૦૧ પર આપેલ કટ – આઉટનો ઉપયોગ કરાવી મીઠાઇનું ખોખું બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ. મીઠાઇના ખોખાને સંપૂર્ણ ખોલી નાખવાથી કેવું દેખાય છે તે બતાવીશ. આપેલી વિવિધ આકૃતિ (આકારો) ની મદદથી કઇ આકૃતિથી ખોખું બનાવી શકાય તે શોધાવીશ. ચોરસ કાગળનો ઉપયોગ કરી સમઘન બનાવવા શીખવીશ. પાન નં. ૪૬ પરની આકૃતિઓને વાળવાથી ખુલ્લું ખોખું બનાવતાં શીખવીશ. અલગ – અલગ પ્રકારના ખોખાનું અવલોકન કરાવીશ. વિભાના ઘરની રૂપરેખા દર્શાવતા નકશાનું અવલોકન કરી ઘરના વાસ્તવીક ચિત્રોમાંથી કયું ઘર વિભાનું છે ? તે શોધાવીશ. સમઘનનું વાસ્તવીક ચિત્ર શોધતાં શીખવીશ. વાસ્તવિક ચિત્ર શોધતાં શીખવીશ. કોયડાની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ કોયડો ઉકેલશે. સમઘનનું ચિત્ર બનાવવાની રીત બતાવીશ. વિદ્યાર્થીઓ સમઘનનું ચિત્ર બનાવશે.પુલના ચિત્રોનું અવલોકન કરાવી લંબાઇ પહોળાઇ અને ઉંચાઇનું અનુમાન કરાવીશ. પુલનું વાસ્તવિક ચિત્ર બનાવવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ : રંગીન કાગળમાંથી ખોખું બનાવવું

પ્રવૃત્તિ : તમારા પોતાના ઘરની રૂપરેખા દર્શાવતો નકશો બતાવવો.

પ્રવૃત્તિ : દિવાસળીની પેટીની રમત

**મૂલ્યાંકન**

- મહાવરોના ઉત્તરો લખવા જણાવીશ.
- મહાવરો લખવા જણાવીશ.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન

**પાઠનું નામ:** (૧૦) દસમો અને સો મો ભાગ

**અધ્યયન નિષ્પતિ :**

M502.4 આપેલ સાદા અપૂર્ણાંકને દશાંશ અપૂર્ણાંકમાં દર્શાવે છે.
M502.5 આપેલ દશાંશ અપૂર્ણાંકને સાદા અપૂર્ણાંકમાં દર્શાવે છે.
M502.6 જેવા આપેલ અપૂર્ણાંકોને દશાંશ સ્વરૂપે દર્શાવે છે અને દશાંશ અપૂર્ણાંકને સાદા અપૂર્ણાંક સ્વરૂપે દર્શાવે છે.

**વિષયવસ્તુના મુદ્દા**

10.1 દશાંશ અપૂર્ણાંકની વ્યવારિક અભિવ્યક્તિ
10.2 સાદા અપૂર્ણાંકનું દશાંશ અપૂર્ણાંકમાં રૂપાંતર
10.3 દશાંશ અપૂર્ણાંકના વ્યવહારુ દાખલા

**શૈક્ષણિક મુદ્દા :**

- પેન્સિલની લંબાઇના માપન દ્વારા દસમા ભાગની સમજ
- સેન્ટિમીટર અને મિલીમીટરનો ખ્યાલ
- દસમા ભાગને કેવી રીતે લખાય ? તથા તેનું વાંચન કેવી રીતે કરાય ? તેની ઉદાહરણ દ્વારા સમજ
- અંદાજ લગાવો અને રંગપૂરો
- અંદાજ લગાવો અને ચિત્ર બનાવો અને માપો.
- વિવિધ વસ્તુઓનું અંદાજિત માપ
- બજારમાં
- રંગબેરંગી ડિઝાઇન
- રમતોત્સવ
- મીટરમાં દર્શાવો.

**શૈક્ષણિક સાધન :-** પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ફૂટપટ્ટીનો ઉપયોગ કરીને પેન્સિલની લંબાઇનું માપન કરાવી દસમા ભાગની સમજ આપીશ. સેન્ટિમીટર અને મિલીમીટરનો ખ્યાલ આપીશ. દેડકાની લંબાઇ દ્વારા અનુમાન કરાવીશ. દસમા ભાગને કેવી રીતે લખાય તથા તેનું વાંચન કેવી રીતે કરાય તે ઉદાહરણ દ્વારા સમજાવીશ. અંદાજ લગાવો અને રંગ પૂરોની પ્રવૃત્તિ કરાવીશ. અંદાજ લગાવી ચિત્ર બનાવી તેનું માપન કરાવીશ. તથા તમારા મિત્રએ બનાવેલા ચિત્રનું માપન કરાવીશ. આપેલી A રેખા અને B રેખાનું માપન કરાવીશ. અંદાજ લગાવવા જણાવીશ. તે જ રીતે રેખા C અને રેખા D નું માપન કરાવીશ. તે જ રીતે વિવિધ

વસ્તુઓનું માપ અંદાજિત રીતે જણાવવા કહીશ. ત્યાર બાદ ફૂટપટ્ટી વડે માપન જણાવીશ. તથા અનુમાન અને માપ વચ્ચેનો તફાવત શોધાવીશ. બજારની આપેલ વસ્તુઓની કિંમતના આધારે વ્યાવહારિક દાખલાની ગણતરી કરતાં શીખવીશ. વિદ્યાર્થીઓ વ્યાવહારિક કોયડાની ગણતરી કરશે. આપેલ કાગળમાં રંગબેરંગી પટ્ટી કયો ભાગ દર્શાવે છે તે બતાવવા જણાવીશ. આપેલા ચોરસમાં સૂચના મુજબ ડિઝાઇન બનાવવા જણાવીશ. રમતોત્સવ લાંબીકૂદના કૂદકાના માપ પરથી પ્રશ્નોના જવાબની ચર્ચા કરી લખવા જણાવીશ. આપેલ માપને મીટરમાં દર્શાવવા જણાવીશ. દરેક વિદ્યાર્થીને શ્વાસ બહાર કાઢ્યા પછી અને ઊંડો શ્વાસ લઈને છાતીનું માપ લઇ તફાવત શોધાવીશ. મહાવરાના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ :

**મૂલ્યાંકન**

- મહાવરોના પ્રશ્નોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે.
- મહાવરોમાં આપેલ જોડકાં જોડવા જણાવીશ.
- મહાવરો : વિદેશી દેશોનું ચલણી નાણું ના આધારે પ્રશ્નોના જવાબ આપો.
- તાપમાનના આધારે પ્રશ્નોના જવાબ લખો.

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ:** (૧૧) ક્ષેત્રફળ અને પરિમિતિ

**અધ્યયન નિષ્પતિ :**

M510.1 આસપાસના પર્યાવરણમાં જોવા મળતી વસ્તુઓની પરિમિતિ શોધે છે.

M510.2 આસપાસના પર્યાવરણમાં જોવા મળતી વસ્તુઓના ક્ષેત્રફળ શોધે છે.

M510.3 આસપાસના પર્યાવરણમાં જોવા મળતી વસ્તુઓના ક્ષેત્રફળ અને પરિમિતિની સરખામણી કરે છે.

**વિષયવસ્તુના મુદ્દા**

11.1 પરિમિતિ અને ક્ષેત્રફળ

11.2 પરિમિતિ શોધવાના વ્યવહારુ દાખલા ગણે છે.

11.3 ક્ષેત્રફળ શોધવાના વ્યવહારુ દાખલા ગણે છે.

**શૈક્ષણિક મુદ્દા :**
- કોનો ટુકડો મોટો છે ?
- ટપાલ ટિકિટ વડે ઢાંકો
- ગ્રીટિંગ કાર્ડ્સના આધારે કોષ્ટક પૂર્ણ કરો.
- કમરપટ્ટો બનાવો.
- કોયડો : પોસ્ટરકાર્ડમાંથી પસાર થવું
- દરેક જગ્યાએ માણસો જ માણસો
- જમીનની વહેંચણી
- દોરીની રમત
- "રાજાની વાર્તા" દ્વારા ક્ષેત્રફળની સમજ તથા ગણતરી

**શૈક્ષણિક સાધન :-** ૧૫ સે.મી. લાંબી દોરી કાગળ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાર્થ અને ગિનીના આમ પાપડના ટુકડાઓમાં કોનો ટુકડો મોટો છે તે ક્ષેત્રફળ શોધાવી બતાવીશ. લંબચોરસને ઢાંકવા માટે કેટલી ટપાલ ટિકિટની જરૂર પડે તે નક્કી કરવા જણાવીશ. વિદ્યાર્થીઓને ભિન્ન ભિન્ન વસ્તુઓનાં ક્ષેત્રફળની સરખામણી કરવાની વિવિધ રીતો વિશે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ આપેલ પ્રશ્નોની ચર્ચા કરી ખાલી જગ્યા પૂરશે. આપેલ લંબાઇ, પહોળાઇ, પરિમિતિ અને ક્ષેત્રફળમાંથી બેનું માપ આપેલ છે તેના આધારે કોષ્ટક પૂર્ણ કરવા જણાવીશ. વિદ્યાર્થીઓ પાસે જાડા કાગળ અથવા જૂના પોસ્ટકાર્ડમાંથી પટ્ટીઓ કપાવી કમરપટ્ટો બનાવડાવીશ. તે દરેકની લંબાઇ અને પહોળાઇને કેવી રીતે કાપવામાં આવે તો તેમાંથી પસાર થઇ શકાય ? તે ચર્ચા કરીશ. દરેક જગ્યાએ માણસો જ માણસો રમત મેદાનમાં લઇ રમાડીશ. તેના આધારે પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી જવાબ મેળવીશ. ઉત્તરોની ચર્ચા કરી જવાબ મેળવીશ. વર્ગખંડની લંબાઇ, પહોળાઇ મપાવીશ. ક્ષેત્રફળ શોધાવીશ. વર્ગખંડના બાળકોના આધારે ૧ ચો.મી.માં કેટલા બાળકો બેસી શકે તે નક્કી કરાવીશ. ૧ ચો.કિ.મી. ક્ષેત્રફળમાં કેટલા લોકો રહી શકે તેનું અનુમાન કરાવી નક્કી કરાવીશ. જમીનની વહેંચણી ત્રણ વચ્ચે સરખા ભાગે કરાવી દરેક જમીનના ટુકડામાં રંગ પુરાવીશ. તેના આધારે પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી લખવા જણાવીશ. વિદ્યાર્થીઓ દ્વારા વ્યક્તિગત પોસ્ટકાર્ડ માંથી પસાર થવાની પ્રવૃત્તિ કરાવીશ. કાગળ પર

૧૫ સે.મી. લાંબી દોરીની મદદથી અલગ અલગ આકારો બનાવડાવીશ. તેના આધારે પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે. "પક્ષીઓ બચાવો" ની વાત રજૂ કરી

તેના આધારે આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તર મેળવીશ. રાજાની વાર્તા દ્વારા ગણતરી કરાવીશ. વિદ્યાર્થીઓ ગણતરી કરશે. બીજા વ્યવહારું ઉદાહરણ દ્વારા દ્રઢિકરણ કરાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ :૪ અને ૬ ચો.સે.મી.નું ક્ષેત્રફળ ધરાવતી ડિઝાઇન તૈયાર કરો.

રમત : કમરપટ્ટો બનાવવો.

રમત : દરેક જગ્યાએ માણસો જ માણસો

પ્રવૃત્તિ : પોસ્ટકાર્ડમાંથી પસાર થવું (પાન નંબર ૧૫૦)

**મૂલ્યાંકન**

- મહાવરોમાં આપેલ કોયડાની ગણતરી કરવા જણાવીશ.
- મહાવરોમાં આપેલ કોષ્ટક પૂર્ણ કરવા જણાવીશ.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન
## પાઠનું નામ: (૧૨) સ્માર્ટ ચાર્ટસ

**અધ્યયન નિષ્પતિ :**

M 508.1 એકત્ર કરેલી માહિતીને કોષ્ટક સ્વરૂપે દર્શાવે છે.

M 508.2 એક્ટ્ર કરેલી માહિતીને લંબાલેખ સ્વરૂપે દર્શાવે છે.

M 508.4 કોષ્ટક સ્વરૂપે રહેલી માહિતીનું અર્થઘટન કરે છે.

M 508.5 લંબાલેખ પરથી માહિતીનું અર્થઘટન કરે છે.

**વિષયવસ્તુના મુદ્દા**

12.1 આપેલ માહિતીને આધારે આવૃત્તિચિહ્ન.

12.2 માહિતીના આધારે લંબાલેખ.

12.3 આપેલ લંબાલેખના આધારે માહિતીનું વિશ્લેષણ

**શૈક્ષણિક મુદ્દા :**

- ચી-ચી, મ્યાંઉ – મ્યાંઉ
- મનગમતા પ્રાણીઓને આધારે આવૃત્તિ ચિહ્નોનો ઉપયોગ કરી કોષ્ટક પૂર્ણ કરવું.
- રસ્તા પર આવૃત્તિ ચિહ્નો બનાવો.
- આસપાસના વૃક્ષોની સંખ્યા નોંધવી.
- મદદગાર હાથ (માતા- પિતાને ઘરમા કોઇ કામમાં મદદ કરો છો ?
- જુઓ અને શોધી કાઢો
- મહાવરો : શાળા – સમય પછી
- જાહેરાત
- બાળકો જાહેરાતમાં અભિનય શા માટે કરે છે તેની ચર્ચા
- સમાચાર દરમિયાન જાહેરાતો આવે છે ?
- ગરમ અને ઠુડું
- તાપમાન પરથી લંબાલેખ બનાવવો.
- ઓસ્ટ્રેલિયામાં સસલાં
- પરિવાર વૃક્ષ
- છોડની વૃદ્ધિનું કોષ્ટક

**શૈક્ષણિક સાધન :-** પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને તેમને ગમતા પાલતું પ્રાણી વિશે પૂછીશ. દરેકના ઉત્તરની નોંધ માટે આવૃત્તિ ચિહ્નોનો ઉપયોગ કરીશ. અને કોષ્ટક પૂર્ણ કરીશ. તેના આધારે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીશ. પ્રશ્નોત્તરી કરીશ. રસ્તા પરથી પસાર થતાં વાહનોની સંખ્યા ગણી દરેક વાહન માટે આવૃત્તિ ચિહ્નો બનાવડાવીશ. આપણી આસપાસ આંટો મારી વૃક્ષોની ગણતરી કરાવીશ. વૃક્ષોના શક્ય હોય તો ચિત્ર બનાવવા જણાવીશ. વિવિધ પ્રકારના વૃક્ષોની સંખ્યા નોંધવા માટે આવૃત્તિ ચિહ્નોનો ઉપયોગ કરવા જણાવીશ. વિધાર્થીઓ માતા પિતાને ઘરમાં કોઇ કામમાં મદદ કરતાં હોય તે કામની યાદી બનાવી વિદ્યાર્થીઓની સંખ્યા કોષ્ટકમાં નોધાવીશ. તે સંખ્યાને વર્તુળ આલેખમાં દર્શાવવા જણાવીશ. વર્ગખંડમાં મિત્રોને અરસપરસ પૂછો કે શાળા છૂટયા પછીના સમયમાં તેઓને શું કરવું સૌથી વધુ પસંદ છે ? તે જણાવવા જણાવીશ. વિદ્યાર્થીઓ ટી.વી. પર આવતી જાહેરાતો ગણવા જણાવીશ. આવૃત્તિ ચિહ્નોનો ઉપયોગ કરવા જણાવીશ. આટલી બધી જાહેરાતોમાં બાળકો શા માટે અભિનય કરે છે. તેની ચર્ચા કરીશ. સમાચાર

દરમિયાન જાહેરાતો આવે છે ? ચર્ચા કરીશ. ટી.વી. પર કે સમાચાર પત્રમાં હવામાન અંગેનો અહેવાલ આવે છે તેની ચર્ચા કરીશ. લંબાલેખ પરથી પ્રશ્નોત્તરી કરીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર આપશે. ઓસ્ટ્રેલિયામાં સસલાંની સંખ્યા પ્રતિવર્ષ વધી તે વિશે માહિતી આપીશ. વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર આપશે. વિદ્યાર્થીઓને પરિવાર વૃક્ષ વિશે સમજ આપીશ. માધવના પરિવાર વૃક્ષની માહિતી આપીશ. એકત્ર કરી પરિવાર વૃક્ષ બનાવવા જણાવીશ. છોડની ઉંચાઇ (સે.મી.માં) કેટલી થઇ તેના આધારે આલેખમાં દર્શાવવા જણાવીશ. વૃદ્ધિકોષ્ટકને આધારે પ્રશ્નોના જવાબો શોધવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રોજેકટ : તમારી આસપાસ એક આંટો મારી વિવિધ પ્રકારના વૃક્ષોનો ચિત્રો બનાવી આવૃત્તિ ચિહ્નો બનાવો.

પ્રવૃત્તિ : જુઓ અને શોધી કાઢો

પ્રવૃત્તિ : ભારતના નકશામાં વિવિધ શહેરો શોધવા.

પ્રોજેકટ : કોઇપણ ત્રણ શહેરો પસંદ કરીને ટી.વી. કે સમાચાર પત્ર પરથી તે શહેરોના તાપમાન નોંધી લંબાલેખ બનાવો.

પ્રોજકટ : પરિવારની માહીતી એકત્ર કરી પરિવાર વૃક્ષ તૈયાર કરો.

**મૂલ્યાંકન –**

**ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ:** (૧૩) ગુણાકાર અને ભાગાકારની રીતો

**અધ્યયન નિષ્પતિ :**

M501.7 ચાર મૂળભૂત ક્રિયાઓના પરિણામનો અંદાજ કાઢે છે તથા ચકાસણી કરે છે.

M501.8 સ્થાનકિંમતની સમજના આધારે 1000થી મોટી સંખ્યાઓ પર ચાર મૂળભૂત ક્રિયાઓ કરે છે.

M501.9 ગુણાકાર અને ભાગાકાર આધારીત વ્યવહારુ કોયડા ઉકેલે છે.

**વિષયવસ્તુના મુદ્દા**

13.1 ગુણાકાર આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.

13.2 ભાગાકાર આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- મણિરત્નમ – ખજાનચીની વાત દ્વારા ગુણાકારની સમજ – ગુણાકારની પ્રક્રીયા
- ગુણાકારની બીજી રીત
- શાંતારામ એક ખાસ રસોઇયો
- વર્ષ અને વર્ષ (કલાક, દિવસ, મહિનો, વર્ષ)
- કારુણ્ય કોન્ટ્રાકટર (બગીચા નિર્માણ કામગીરી)
- વિદર્ભના ખેડૂતો (મહારાષ્ટ્ર)
- સતીશની વાર્તા
- કમળાબાઇની વાર્તા
- વ્યાવહારિક ગણતરી
- ગુણાકાર – ગમ્મત
- ભાગાકાર
- ભાગાકાર માટેના વિવિધ પગથિયાની સમજ
- બાલદિનની ઉજવણી
- કેટલાક વધુ ગુણાકાર અને ભાગાકાર (વ્યાવહારિક દાખલાઓ)
- વાર્તામાંથી શ્રેષ્ઠ પ્રશ્ન બનાવો.
- હરિશરણની ઉલટ – તપાસ

**શૈક્ષણિક સાધન :**- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને મણિરત્નમ – ખજાનચીની વાત દ્વારા ગુણાકારની સમજ આપીશ. ગુણાકારની પ્રક્રિયા સમજાવીશ. ગુણાકારની બીજી રીત દ્વારા ગુણાકારના દાખલા ગણાવીશ. શાતારામ રસોઇયાનો એક વર્ષના પગારની ગણતરી કરાવીશ. તેજ રીતે મંત્રી તથા ઘોડેસવારના ૧ વર્ષના પગારની ગણતરી કરાવીશ. કલાક, દિવસ, મહિનો અને વર્ષને આધારે વ્યાવહારિક પ્રશ્નોની ગણતરી કરી જવાબ આપવા જણાવીશ. કારુણ્ય કોન્ટ્રાકટરે તૈયાર કરેલા ત્રણ બગીચાનું ક્ષેત્રફળ શોધાવીશ. પ્રતિ ચો.મી.ના દરે આપેલા ભાવના આધારે બગીચા તૈયાર કરવા માટે તેને મળતા રૂપિયાની ગણતરી કરાવીશ. તેમાં કામ કરતા કામદારના મહેનતાણાની ગણતરી કરાવીશ. અલગ – અલગ કોન્ટ્રાકટરના કામના દૈનિક મહેનતાણાના દરને આધારે પ્રશ્નોના ઉત્તર આપવા જણાવીશ. સતીશની વાર્તા દ્વારા આપેલ પ્રશ્નોની ગણતરી કરાવી જવાબ મેળવીશ. ગુણાકાર ગમ્મત વિદ્યાર્થીઓ પાસે જૂથમાં કરાવીશ. વિદ્યાર્થીઓ આપેલ સૂચના મુજબ ક્રિયાઓ કરશે. વિદ્યાર્થીઓને ડોલ્માના મોપેડ ખરીદીના ઉદાહરણ દ્વારા ભાગાકારની ગણતરી કરતાં શીખવીશ. વિદ્યાર્થીઓ ભાગાકારની

ગણતરી કરશે. વ્યાવહારિક ઉદાહરણો દ્વારા ભાગાકાર માટેના વિવિધ પગથિયાની સમજ આપીશ.

બાલદિનની ઉજવણી દ્વારા ભાગાકારની વિવિધ રીતો શીખવીશ. વિદ્યાર્થીઓને વ્યાવહારિક ઉદાહરણોના વધુ ભાગાકાર અને ગુણાકારના દાખલાનો મહાવરો કરાવીશ. વાર્તામાંથી શ્રેષ્ઠ પ્રશ્ન કેવી રીતે બનાવી શકાય તે ઉદાહરણ દ્વારા સમજ આપીશ. વિદ્યાર્થીઓ ગુણાકાર તથા ભાગાકારની સંકલ્પનાને સબંધિત પ્રશ્નો કરશે. હરિશરણની ઉલટ તપાસ દ્વારા ભાગાકારની ગણતરીમાં થતી ભૂલની સમજ આપીશ. મહાવરો દ્વારા વધુ દ્રઢિકરણ કરાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ -**

**મૂલ્યાંકન**

- મહાવરોમાં આપેલ ભાગાકારના દાખલા ગણવા જણાવીશ.
- મહાવરોના વ્યાવહારિક દાખલા ગણવા જણાવીશ.

## માર્ચ માસનું પાઠ આયોજન

**પાઠનું નામ:** (૧૪) કેટલું મોટું ? કેટલું ભારે ?

**અધ્યયન નિષ્પતિ :**

M505 એક પાત્રના ગુંજાશના આધારે આપેલ પાત્રની ગુંજાશનો અંદાજ જાણીતા એકમમાં કાઢે છે.

**વિષયવસ્તુના મુદ્દા**

14.1 પ્રમાણિત એકમથી ઘનફળ (કદ)નું માપન કરે છે.
14.2 ઘનફળના એકમની સમજ મેળવે છે. 14.3 વજનની સમજ છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પ્રવૃત્તિ દ્વારા કદ (ઘનફળ) ની સમજ
- માપક ગ્લાસ
- શાનું કદ વધે છે ?
- વસ્તુઓનાં કદનું (મિલીમાં) માપન તેના એકમોની સમજ
- સમઘન તેના એકમોની સમજ

- દિવાસળીનાં ખોખાની રમત
- સ્ટેજ (મંચ) બનાવવો.
- સ્ટેજ (મંચ) નું કદ (ઘનફળ) શોધવું
- કાગળનો સમઘન બનાવો.
- તમારો સમઘન કેટલો મોટો છે ?
- સમઘનને ગોઠવો.
- જૂના પોસ્ટકાર્ડમાંથી પાઇપ બનાવવી.
- કઇ પાઇપ વધારે ભરશે.
- ગંગોત્રીની યાત્રા
- વનની સમજ
- વજનના એકમોની સમજ
- હું કેટલો વજનદાર છું ?
- શાહીદે બેન્ક બચાવી.
- ૫ રૂા., ૨ રૂા., ૧ રૂા. ના સિક્કાનું વજન શોધવું તેના આધારે વધુ સિક્કાઓની સંખ્યા શોધવી.

**શૈક્ષણિક સાધન :-** પાઠ્ય પુસ્તક

- મૂર્ત વસ્તુઓ
- અમૂર્ત વસ્તુઓ
- સિરિંજ
- દિવાસળીના ખોખા

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને લખોટીઓ સિક્કા, રબર જેવી વસ્તુઓ દ્વારા પ્રવૃત્તિ કરી કદ (ઘનફળ) ની સમજ આપીશ. વિદ્યાર્થીઓ અવલોકન કરી નોંધ કરશે. આપેલ વસ્તુઓના કદ (ઘનફળ) વિશે અનુમાન લગાવવા જણાવીશ. માપક ગ્લાસ બનાવડાવીશ. બે વસ્તુઓમાં શાનું કદ (ઘનફળ) વધુ છે તે જાણવા પ્રવૃત્તિ કરાવીશ. વિદ્યાર્થીઓ જૂથમાં પ્રવૃત્તિ કરશે. અન્ય વસ્તુઓનાં કદ (મિલીમાં) શોધાવીશ. તે માટે માપકશીશી નો ઉપયોગ કરાવીશ. સમઘનની ગોઠવણ કરાવી. ૧ સે.મી.ના સમઘનમાં વસ્તુઓનાં કદની સમજ આપીશ. દિવાસળીનાં ખોખાનો ઉપયોગ કરાવીશ. સ્ટેજ (મંચ) બનાવડાવીશ. તેનું કદ (ઘનફળ) શોધાવીશ. ગણિત ગમ્મત પુસ્તક કે સ્ટેજ (મંચ) નું એ બે માંથી કોનું કદ (ઘનફળ) વધારે છે ? તે શોધાવીશ. વિદ્યાર્થીઓને કાગળમાંથી સમઘન બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ. વિદ્યાર્થીઓ જૂથમાં પ્રવૃત્તિ કરશે. સમાન એકમોનો ઉપયોગ કરીને સમાન કદના વિવિધ આકારો બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ. કાગળમાંથી બનાવેલ સમઘન જેટલો મોટો મંચ બનાવવા ૧ સે.મી.ના કેટલા સમઘનની જરૂર પડે ? તે ચર્ચા કરી

બતાવીશ. આપેલ પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી બતાવીશ. આપેલા પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર આપશે. ૧ સે.મી.ના ૪૦૦૦ ઘનને એક પેટીમાં ગોઠવવા માટે જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ : માપક ગ્લાસ બનાવવો.

પ્રવૃત્તિ : માપક શીશી બનાવવી.

પ્રવૃત્તિ : દિવાસળીનાં ખોખાનો ઉપયોગ કરી વિવિધ ઉંચાઇના મંચ બનાવો.

પ્રવૃત્તિ : તમે બનાવેલ (સ્ટેજ મંચ) નું વાસ્તવિક ચિત્ર બનાવો.

**મૂલ્યાંકન**

- મહાવરોના પ્રશ્નોના ઉત્તરો લખો.
- મહાવરો લખો.

શિક્ષણ સાગર

shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર